ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.:ક.યુ./E C.-Agenda 15 th July'15 / 23 to 34 તા. ૦૯/૦૭/'૧૫

પ્રતિ,
પ્રો.ડૉ. શ્રી બી.એસ.પટેલ.
માનનીય કાર્યકારી કુલપતિશ્રી,
ડીનશ્રી, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા તથા
અધ્યક્ષશ્રી અને પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :** તારીખ ૧૫/૦૭/૧૫નાં યોજાનાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગનાં એજન્ડા મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુંકે, **તારીખ ૧૫મી જુલાઈ ૨૦૧૫ને બુધવારના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે** કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના આદેશથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનું આયોજન કરવામાં આવેલ છે.જેનાં એજન્ડા નીચે જણાવ્યાનુંસાર છે.

## એજન્ડા :

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

(**નોંધ :** ગત તારીખ ૧૦મી માર્ચ ૨૦૧૫ના રોજની સભાની મિનિટ્સ નોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે જેનું વાંચન અને બહાલી બાબત.)

**૨. તા.10-4-2015 ના રોજની પરીક્ષા શુધ્ધિ સમિતિના અહેવાલને બહાલી આપવા તથા નવી પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા બાબત :**

(**નોંધ :** તા.10-4-2015 ના રોજ મળેલ પરીક્ષા શિસ્ત સંબંધિત સમિતિની ભલામણોનું જાહેરનામુ 15-4-2015 ને બહાલ રાખીને માર્ચ–૨૦૧૫થી શરૂ થયેલ પરીક્ષા માટે શિસ્ત સંબંધિત સમિતિની રચના બાબત )

પના નંબર : ૨ : પર ચાલુ..

**૩. બિલ્ડીંગ કમિટિના અહેવાલની ચર્ચા અને બહાલી બાબત :**

(**નોંધ :** બિલ્ડીંગ કમિટિએ હોસ્ટેલ માટેનાં નવા નકશાઓ,બેંક બિલ્ડીંગ અંગે તથા સેન્ટર ફોર એકસેલેન્સ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજીના બિલ્ડીંગ અંગે કરેલ ભલામણોની ચર્ચા અને નિર્ણય બાબત.)

**૪. ગ્રંથાલય અપગ્રેડેશન બાબત :**

(**નોંધ :** રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અભિયાન અંતર્ગત ગ્રંથાલયમાં પુસ્તકો,બેઠક વ્યવસ્થા ઈ–લાયબ્રેરી કબાટ ઘોડાઓ વગેરે સુવિધાઓ વધારવા બાબત ગ્રંથાલય સીમતિની ભલામણોના અમલી કરવા બાબત.)

**૫. સેન્ટર ફોર એકસેલેન્સ ઈન કેમિકલ ટેકનોલોજીની સુવિધાઓનો ઉપયોગ વધારવા બાબત :**

(**નોંધ :** સેન્ટર ફોર એકસેલેન્સ ઈન કેમિકલ ટેકનોલોજીના વિકાસ માટે રાજય સરકારશ્રીની સહાયથી ઉભી કરવામા આવેલ લેબોરેટરીનો સાયન્સના અન્ય વિભાગો પણ કરી શકે તેવી છુટ આપવા તથા જિલ્લાના ઉદ્યોગો માંથી સેમ્પલ ચેક કરવા અન્ય રાજ્યો સુધી જાય છે તેઓને અહીં સુવિધાઓનો ઉપયોગ કરવા માટેનુ માળખુ અને ફી વગેરે નકકી કરવા બાબત.)

**૬. ફી સમિતિના અહેવાલ પરથી નિર્ણય બાબત :**

(**નોંધ :** **B.Sc.** અને **M.Sc.** સ્વનિર્ભર અને **U.G.C. Sponsored B.Voc.** ની ફી સમિતિના અહેવાલ પરથી નિર્ણય કરવા બાબત.)

**૭. NCTE Regulation 2014ના સંદર્ભે B.Ed. અને M.Ed. કોર્સના નવા લાગુ પાડેલા Norma and slandered મુજબની પ્રક્રિયા અનુસરવા, કોર્સિસમાં ફેરફાર તથા અમલીકરણ બાબત :**

(**નોંધ :** **Justic Verma Commission** તથા **Batra Committee**ની ભલામણોના અમલીમરણ અંગે **Supreme Court**ના નિર્દેશોનું પાલન જૂન ૨૦૧૫થી કરવાનું થતાં **NCTE**એ **NCTE Regulation 2014** બનાવેલ છે. જેનો સમગ્ર દેશના શિક્ષણ પ્રશિક્ષણમાં અમલ થવો ફરજિયાત બનતાં કરવાના થતાં જરૂરી ફેરફારો કરીને અમલીકરણ બાબત.)

પના નંબર : ૩ : પર ચાલુ..

૮. યુનિવર્સિટી કેમ્પસના ડીપાર્ટમેન્ટસમાં નવા કોર્સિસ શરૂ કરવા બાબત :

Shyamji Krishnavarma Kutch University Bhuj - Kutch 370001

(નોંધ : યુનિવર્સિટી કેમ્પસ પર કાર્યરત સમાજ કાર્ય અનુસ્નાતક કોર્સ ચલાવતા વિભાગમાં એક ડિપ્લોમા કોર્સ શરૂ કરવા દરખાસ્ત PGDIR and HRD ની આવેલ છે તેને બહાલી આપવા તથા અન્ય કોર્સિસની દરખાસ્ત અર્થ એન્ડ એન્વાયરમેન્ટ વિભાગ માંથી મળેલ છે તેને બહાલી આપવા બાબત.)

૯. મેડિકલ વિદ્યાશાખા અંતર્ગત અનુસ્નાતક કક્ષાનાં વિવિધ અભ્યાસક્રમોનાં જોડાણ સંબંધે વસૂલવા પાત્ર ફી તથા પેનલ્ટીની રકમ નિયત કરવા બાબત :

(નોંધ : શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી યુનિવર્સિટી સંલગ્ન અને કાયમી સ્વનિર્ભરતાના ધોરણે મેડિકલ વિદ્યાશાખા અંતર્ગત સ્નાતક કક્ષાએ એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભુજ–કચ્છ ખાતે ચલાવવામાં આવી રહેલ છે.

સદર સંસ્થા દ્વારા તારીખ...........ની નોંધ (બિડાણ–૧)ની વિગતે મેડિકલ વિદ્યાશાખા અંતર્ગત અનુસ્નાતક કક્ષાએ વિવિધ વિષયોનાં અભ્યાસક્રમો માટે નવા જોડાણ મેળવવાં "સંલગ્ન કોલેજ જોડાણ અરજી પત્રક" અત્રે રજૂ કરેલ છે અને તે સંદર્ભે જોડાણ ફી માટે અત્રેનાં પરિપત્ર ક્રમાંક ૭૩ અને ૭૪ તા.૩૦/૫/૦૭ ને અનુસરેલ છે.

સદર બાબતે સંબંધિત સંસ્થાનાં તા.........નાં રોજનાં પત્રથી રજૂઆત કરવામાં આવેલ છે કે,પરિપત્ર ક્રમાંક ૭૩ અને ૭૪ તા.૩૦/૫/૦૭ અન્વયે નાણાકીય વષને લક્ષમાં લેવામાં આવેલ છે જેથી એક વર્ષ અગાઉથી જોડાણ અરજી રજૂ કરવા સંબંધે નિયત કરવામાં આવેલ પેનલ્ટી રકમ સંબંધે વિષંગતતા રહે છે કેમ કે, મેડિકલ વિદ્યાશાખાનું શૈક્ષણિક વર્ષ ઓગષ્ટથી શરૂ થાય છે.

વધુમાં, આ પરિપત્ર મુજબ વિવિધ વિદ્યાશાખા અન્વયે માત્ર સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોની પદવીઓનો ઉલ્લેખ છે માટે જે તે વિદ્યાશાખા અંતર્ગત અનુસ્નાતક અભ્યાસક્રમ માટે જોડાણ ફી તથા પેનલ્ટીની રકમ કેટલી વસૂલવી તે બાબતે પણ યોગ્ય સ્પષ્ટતા જરૂરી બને છે માટે યોગ્ય નિર્ણય બાબત.)

૧૦. જોડાણ કાર્યવાહી અન્વયે સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક અને રૂબરૂ મુલાકાત બાબત :

પના નંબર : ૪: પર ચાલુ..

(નોંધ : યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમોનાં જોડાણ માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના ઠરાવ ક્રમાંક : યજન–૧૦૨૦૦૧–(૨૮)–ખ–૧ તા. ૨૧/૧૨/૨૦૦૧થી નિયત કરવામાં આવેલ જોડાણ કાર્યવાહી પધ્ધતિ અનુસરીને સરકારશ્રી પાસેથી જોડાણ મંજૂર કરાવવાનાં રહે છે.સદર ઠરાવનાં ક્રમાંક ૧.(૪) (બ) મુજબ સ્થાનિક તપાસ સમિતિની રચના કરી તેનાં અહેવાલ અન્વયે યુનિવર્સિટી સત્તા મંડળોની પરવાનગી મળ્યે જાહેરનામા દરખાસ્ત રજૂ કરવાની રહે છે.

હાલે, સ્થાનિક તપાસ સમિતિ જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન નિમવામાં આવે છે જેથી કેટલીક વહીવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને આગળની કાર્યવાહી પણ નિયત સમય મર્યાદામાં પૂર્ણ થઈ શકતી ન હોય, સમય સર જાહેરનામા દરખાસ્તો રજૂ થઈ શકતી નથી માટે જો, સ્થાનિક તપાસ સમિતિ જે તે વર્ષ દરમ્યાનને બદલે અગાઉથી નિમવામાં આવે તો, ત્યાર પછીની વહીવટી કામગીરી માટે પૂરતો અવકાશ મળી શકે તથા યોગ્ય નિર્ણય પણ સમયસર લઈ જોડાણનાં પ્રશ્નો નિવારી શકાય વળી જાહેરનામા દરખાસ્તો મોડી મળવા બાબતે શિક્ષણ વિભાગ દ્વારા પણ અત્રે વારંવાર સૂચિત કરવામાં આવે જ છે.

સદર કાર્યવાહી સંદર્ભે નિયમિતતા લાવવા માટે એક શૈક્ષણિક વર્ષ દરમ્યાન બે સ્થાનિક તપાસ સમિતિ નિમવી જોઈએ... એક સ્થાનિક તપાસ સમિતિ જે તે વર્ષ (૨૦૧૫–૧૬) સંબંધે તથા બીજી આગામી વર્ષ(૨૦૧૬–૧૭)સંદર્ભે... આમ ત્યાર પછીનાં વર્ષો માટે આગોતરી જોડાણ કાર્યવાહી શરૂ થઈ શકશે અને વહીવટી પ્રશ્નો પણ સમયસર નિવારી શકાશે.

જયારે, એક શૈક્ષણિક વર્ષમાં બે સ્થાનિક તપાસ સમિતિ નિમવામાં આવે તેવા સંજોગોમાં જો બન્ને સમિતિ સંબંધે જે તે, જ ચેરમેનશ્રી તથા અન્ય ત્રણ સભ્યશ્રીઓનેની જ ફેર નિમણૂંક કરવામાં આવે તે હિતકારક બની શકશે...સંસ્થા તથા યુનિવર્સિટી બન્નેની વહીવટી કામગીરી ઘટી શકશે અને સમિતિને પણ તે જ સંસ્થામાં, એક જ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ફેર જવાનું થશે તો તેઓ પાછળની પરિસ્થિતિથી વાકેફ હોવાથી બીજી વારની કામગીરી સરળ બનશે તથા મૂકેલ શરતો સંદર્ભે પૂર્તતા થયેલ છે કે નહી તે સંબંધિત ચિત્ર પણ સપષ્ટ થઈ શકશે.

આમ, શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭ માટે સ્થાનિક તપાસ સમિતિ નિમવા તથા તે જ સમિતિને ફેર મુલાકાત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવા માટે કાર્યકારી કુલપતિશ્રીને સત્તા આપવા અંગેની ચર્ચા વિચારણા તથા નિર્ણય બાબત.)

પના નંબર : ૫: પર ચાલુ..

૧૧. બાકી રહેતા જોડાણ જાહેરનામા દરખાસ્ત રજૂ કરવા બાબત :

(નોંધ : યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમોનાં જોડાણ માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના ઠરાવ ક્રમાંક : યજન–૧૦૨૦૦૧–(૨૮)–ખ–૧ તા. ૨૧/૧૨/૨૦૦૧થી નિયત કરવામાં આવેલ જોડાણ કાર્યવાહી પધ્ધતિ અનુસરીને સરકારશ્રી પાસેથી જોડાણ મંજૂર કરાવવાનાં રહે છે.

સદર કાર્યવાહીના ભાગ રૂપે દર શૈક્ષણિક વર્ષે નિમવામાં આવતી સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ તથા યુનિવર્સિટી અને શિક્ષણ વિભાગની શરત પૂર્તતાની શરતે જાહેરનામા દરખાસ્ત સંબંધિત સંસ્થા દ્વારા વર્ષ પૂર્ણ થયે નિયત નમૂના મુજબ અહેવાલ તૈયાર કરીને અત્રે રજૂ કરવાનો રહે છે, અને આ અહેવાલ સંદર્ભે યુનિવર્સિટી સત્તા મંડળોની ભલામણ મેળવી, શિક્ષણ વિભાગને રજૂ કરવામાં આવ્યે સંબંધિત વિભાગ દ્વારા જાહેરનામા બહાર પાડવામાં આવે છે.

ઉકત વિગતે ગત તારીખ ૨૬મી ઓગષ્ટ ૨૦૧૪નાં રોજની સભાની કાર્યસૂચી ૨૬(૧) અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૨૩ :થી મળેલ આદેશ સંદર્ભે તારીખ ૧૯મી એપ્રિલ ૨૦૧૪ની નોંધના કોષ્ટકનાં ક્રમાંક ૬ મુજબ, સ્વામિ ઘનશ્યામ જીવનદાસજીશ્રી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઈટી.શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, ભુજ–માંડવી હાઈવે,કોડાય પૂલ, માંડવી–કચ્છ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માટે અનુક્રમે ચાલુ / વધારાનુ –દ્વિતિય વર્ષ ,તૃતિય વર્ષ તથા ચાલુ જોડાણ મેળવવા માટે અત્રે અહેવાલ રજૂ થયેલ છે, જે સંદર્ભે શિક્ષણ વિભાગને જોડાણ જાહેરનામા દરખાસ્ત રજૂ કરવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત.)

૧૨. એરિયર્સ બાબત :

(નોંધ : ચાર ડેટા એન્ટ્રી ઓપરેટરને ચૂકવવાનુ એરિયર્સ ચૂકવવા બાબત )

૧૩. રીનોવેશન બાબત :

(નોંધ : યુનિવર્સિટી કેમ્પસ પરના મકાનોની જાળવણી તથા સમારકામ સંબંધે કરવાના થતા કામોની કાર્યવાહી હાથ ધરવા રચવામા આવેલ રીનોવેશન કમિટિ દ્વારા હાલે જરૂરી એવી કામગીરી જેવીકે, પીવાના પાણીનાં ફિલ્ટરેશન,પાણીની પાઈપ લાઈનની જાળવણી તથા અન્ય સેનીટરીયલ અને બિલ્ડીગ મેઈન્ટેનશ તથા અન્ય વ્યવસ્થા ઉભી કરવા જેવી કે વાહન પાર્કિંટ શેડના કામો,વગેરે સંબંધિત આગળની કાર્યવાહીના નિર્ણય બાબત.)

પના નંબર : ૬ : પર ચાલુ..

૧૪. પગાર વધારા સમિતિના નિર્ણય બાબત :

(નોંધ : યુનિવર્સિટી કેમ્પસ પરના સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અભ્યાસક્રમો સંબંધે નિમાયેલ કરાર આધારિત પધ્ધતિથી માસિક ફિક્સ વેતનના ધોરણે નિમાયેલ અધ્યાપકો,પ્રોગ્રામર સંબંધે પગાર વધારા સમિતિએ સૂચવેલ પગાર વધારા બાબતે તેઓને ઓછો લાભ મળ્યા અંગે થયેલ રજૂઆત અંગે નિર્ણય બાબત.)

૧૫. CCTV કેમેરાથી સજ્જ કરવા બાબત :

(નોંધ : યુનિવર્સિટીના બિલ્ડીંગો અને રસ્તાઓ તથા દરવાજાને CCTV કેમેરાથી સજ્જ કરવા બાબત તથા કોલેજોને પણ CCTV કેમેરા સહિત સજ્જ બિલ્ડીંગો તથા પરીક્ષા કેન્દ્રો હોવાની જાણ કરવા બાબત.)

૧૬. યુનિવર્સિટીના વિવિધ ખાલી હોદ્દાઓ પર પ્રતિનિયુક્તિ દ્વારા નિમણૂક કરવા બાબત :

(નોંધ : યુનિવર્સિટીનાં વિવિધ અને મહત્વના પદો પર, હાલે કેમ્પસ પરના જ અધિકારીઓને વધારાના કાર્યભાર સોંપી વહીવટ ચલાવવામા આવી રહેલ છે જેથી સામે આવતી વહીવટી ખામીઓ નિવારવા તથા આવા અધિકારીશ્રીઓનાં કાર્યબોજને હળવો કરી જે તે ક્ષેત્રના નિષ્ણાંતોની સેવાઓનો લાભ મેળવવા માટે પ્રતિનિયુક્તિ દ્વારા કુલસચિવ, પરીક્ષા નિયામક અને ફાયનાન્સ ઓફિસરની જગ્યા ભરવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત.)

૧૭. સ્વનિર્ભર કોર્સિસની ફી નકકી કરવા બાબત :

(નોંધ : સ્વનિર્ભરતાના ધોરણે મંજૂર કરવામાં આવેલ B.Sc. અને M.Sc. ( Maths ) નાં અભ્યાસક્રમોની ફી નિર્ધારીત કરવા રચાયેલ સમિતિના અહેવાલને માન્ય રાખીને નકકી કરવામા આવેલ ફીને મંજૂર કરવા બાબત.)

૧૮. વિદ્યાર્થીઓને ફીલ્ડ વર્ક માટે ભથ્થુ ચૂકવવા બાબત :

(નોંધ : યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ ગ્રાન્ટ–ઈન–એઈડ કે સ્વનિર્ભર કોર્સિસમાં અભ્યાસક્રમનાં ભાગ રૂપે ચાલતા ફિલ્ડ સ્ટડીઝ માટે વિદ્યાર્થીઓને કન્સેસન ધોરણે વાહન તથા રોજ ભથ્થું ચૂકવવુ કે કેમ તે બાબતે ચર્ચા બાબત.)

પના નંબર : ૭ : પર ચાલુ..

૧૯. **ગુજરાત સાયન્સ કોંગ્રેસ અકાદમીની મેમ્બરશીપ લેવા બાબત :**

(નોંધ : પ્રસ્તુત વર્ષે આપણી યુનિવર્સિટી ગુજરાત સાયન્સ કોંગ્રેસનું અધિવેશન કરવા માટે ડૉ.એમ.જી.ઠક્કરની કો ઓર્ડીનેટરશીપમાં સજ્જ થયેલ છે ત્યારે આ અકાદમીની મેમ્બરશીપ લેવા બાબતે ચર્ચા બાબત.)

૨૦. એમ.એસ.સી. કેમેસ્ટ્રીની ફી વધારવાની ડીપાર્ટમેન્ટ હેડની રજૂઆત બાબત

૨૧. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ
ઇ / ચા.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિ
ભુજ-કચ્છ.

કલ સવિનય રવાના : માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.